# ભજનઃ૨૬

## તારા મનની મનમાં રહી જાશે..

તારા મનની મનમાં રહી જાશે...૨
તારા મનના માનેલા તને લઇ જાશે
મનવા રે...હો મનવા રે...૨

કોલ વચન તેં દીધા જ્યારે.
મુક્તિ આપી પ્રભુએ ત્યારે.
એ વાતો તો તું વિચારી લે...૨
મન મોહનમાં તું વારી લે..૨
બધુ અહીંનું અહિંયા રહી જાશે...મનવા રે...

કાયમ અહીં ક્યાં રહેવુ તારે.
અંતે જાવુ..પ્રભુના દ્વારે.
ભક્તિથી ભાર ઉતારી લે...૨
તારી જીવન નૈયા તારી લે...૨
તારું પ્રાણ પંખેરુ ઊડી જાશે...મનવા રે...

રામ નામથી પત્થર તારે.
કંઇક તર્યાને મુજને તારે.
ભક્તોની વાતો માની લે...૨
મારા ભવનુ ભાથુ ભરી લે...૨
જીવન સફળ મારુ થઇ જાશે...મનવા રે...